# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Firday** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

******************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, એનડીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા જનજાતિય સમુદાયને શિક્ષણ, સારવાર અને રોજગારી પૂરી પાડવાની છે
- ઝારખંડ અને મહારાષ્ટ્ર વિધાનસભાનીચૂંટણી પૂર્વે ટોચનાં રાજકીય પક્ષો દ્વારા પ્રચારમાં વેગ
- લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, જાતિ આધારિત વસતિ ગણતરી થયા બાદ દેશનું રાજકીય પરિદ્રશ્ય બદલાઈ જશે.
- પોરબંદરનાં દરિયામાંથી 3500 કરોડ રૂપિયાનાં માદક પદાર્થોનો જપ્તો જપ્ત કરાયો
- દેશભરમાં દેવદિવાળી અને ગુરૂનાનક જયંતીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરાઇ રહી છે.
- ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે જોહાનિસબર્ગમાં આજે ચોથી અને અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાશે..

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-HM JANJATIYA DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, એનડીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા જનજાતિય સમુદાયને શિક્ષણ, સારવાર અને રોજગારી પૂરી પાડવાની છે. તેમણે જણાવ્યું કે, સરકારે વિવિધ કલ્યાણ યોજનાઓ શરૂ કરીને જનજાતિય સમુદાયને મુખ્યધારામાં લાવવાનું કાર્ય કર્યું છે. પ્રધાનમંત્રીએ બિહારનાં જમુઇ જિલ્લામાં 6 હજાર 600 કરોડ રૂપિયાથી વધુનાં વિકાસકાર્યોનું ઉદઘાટન કર્યા બાદ એક જાહેર સભાને સંબોધતા જણાવ્યું કે, તેમની સરકાર સિકલ સેલ રોગ નાબૂદ કરવા ગંભીરતાથી કામ કરી રહી છે અને 700થી વધુ એકલવ્ય શાળાઓ, આદિવાસી સંશોધન કેન્દ્રો અને યુનિવર્સિટીઓ ખોલી છે. શ્રી મોદીએ જણાવ્યું કે, તેમની સરકાર જનજાતિય સમુદાયનાં વારસા અને સંસ્કૃતિની જાળવણી કરવા પ્રતિબધ્ધ છે. તેમણે ઉમેર્યું કે, સરકારે જનજાતિય સમુદાયની પરંપરા અને પ્રાચીન દવાઓ જાળવી રાખી છે.

**(Byte PM Narendra Modi)**

પ્રધાનમંત્રીએ આદિવાસી જિલ્લાઓમાં બિરસા મુંડા ગૌરવ ઉપવન શરૂ કરવાની જાહેરાત કરી હતી. બિરસા મુંડાની 150મી જન્મ જયંતિએ જનજાતિય ગૌરવ દિવસ પ્રસંગે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી મોદીએ પીએમ જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન PM-JANMAN- હેઠળ આદિવાસી પરિવારો માટે બનેલા 11 હજાર ઘરોની ગૃહ પ્રવેશ વિધીમાં વર્ચ્યુઅલી ભાગ લીધો હતો.

.........2........

દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'ભગવાન બિરસા મુંડા દેશની સ્વતંત્રતાની લડતના મહાન ક્રાંતિકારીઓમાંથી એક હતા.'

નવી દિલ્હીના બનસેરા પાર્ક ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કરતાં શ્રી શાહે જણાવ્યું કે, 'આદિવાસી સમુદાય ભગવાન બિરસા મુંડાનો હંમેશા આભારી રહેશે.' શ્રી શાહે ઉમેર્યું કે, આદિવાસી સમાજ માટે જળ, જમીન અને જંગલ આવશ્યક છે અને બિરસા મુંડાએ આ માટે આદિવાસી સમુદાયમાં જાગૃતિ ફેલાવી હતી. તેમણે જણાવ્યુંકે, સરકારે દિલ્હીનાં સરાઈ કાલે ખાન ચોકનું નામ બદલીને ભગવાન બિરસા મુંડા ચોકરાખવાનો નિર્ણય લીધો છે.

# JHARKHAND ASSEMBLY ELECTIONS

ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં બીજા તબક્કાની ચૂંટણી પૂર્વે ટોચનાં રાજકીય પક્ષોએ આજે પ્રચાર વેગીલો બનાવ્યો છે. ગોડા જિલ્લામાં જાહેર સભાને સંબોધતા લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, જાતિ આધારિત વસતિ ગણતરી થયા બાદ દેશનું રાજકીય પરિદ્રશ્ય બદલાઈ જશે. શ્રી ગાંધીએ અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગો માટે અનામત વધારવાનું વચન આપ્યું હતું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જાતિ આધારિત ગણતરી બાદ દલિતો, આદિવાસીઓ પછાત વર્ગો અને ગરીબોને તેમની સાચી તાકાત જાણવા મળશે, જે ભારતીય રાજકારણમાં નવા યુગના મંડાણ કરશે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ જાતિ આધારિત ગણતરીની માંગણી કરતી રહેશે. તેમણે ભારતીય જનતા પાર્ટી પર પછાત વર્ગો માટેની અનામત 27 ટકાથી ઘટાડીને 14 ટકા કરવાનો આરોપ મૂક્યો હતો.તેમણે કોંગ્રેસનાં ચૂંટણી વચનો આપતા આ પ્રમાણે જણાવ્યુઃ

**(Byte Rahul Gandhi)**

ઝારખંડમાં એનડીએ અને ઇન્ડિયા ગઠબંધનના નેતાઓએ આજે જાહેર સભાઓ કરી હતી.

ધનબાદના ટુંડીમાં ચૂંટણી સભાને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મુખ્યમંત્રી હેમંત સોરેનની ટીકા કરતા જણાવ્યું કે રાજ્યમાં શ્રી સોરેનને સત્તા પરથી દૂર કરવાનો સમય આવી ગયો છે.

.......2.......

આરજેડીના વરિષ્ઠ નેતા તેજસ્વી યાદવે દેવઘરમાં જાહેર સભા સંબોધતા ભાજપ પર ધર્મ અને જાતિનાં નામે સમાજને વિભાજીત કરવાનો આરોપ મૂક્યો હતો. ભાજપના વરિષ્ઠ નેતાઓ શિવરાજસિંહ ચૌહાણ, હિમંતા બિસવા સરમા અને ચંપાઇ સોરેને પણ સભાઓ સંબોધી હતી. 20 નવેમ્બરે બીજા તબક્કાનું મતદાન થશે અને 23મીએ પરિણામ જાહેર થશે.

# MODI-RAHUL HELICOPTER

ઝારખંડના દેવઘર વિમાનમથક ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિમાન ટેકનિકલ ખામીને કારણે ખોટવાઈ ગયું હતું. તેઓ બિહારના જમુઇથી દેવઘર એરપોર્ટ જઈ રહ્યા હતા ત્યારે વિમાન ટેક ઓફ શરૂ થઈ શક્યું નહતું, જેને કારણે દિલ્હી પરત ફરવામાં વિલંબ થયો હતો.

પ્રધાનમંત્રી મોદીની મુલાકાતને કારણે દેવઘરને નો-ફ્લાયઝોન જાહેર કરવામાં આવ્યો હતો, જેને કારણે અન્ય નેતાઓનાં પ્રવાસ પર પણ અસર પડી હતી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને જેએમએમ નેતા કલ્પના સોરેનનાં હેલિકોપ્ટરને પણ ટેકઓફની મંજૂરી ન મળતાં ઝારખંડમાં ચૂંટણી પ્રચારમાં વિલંબ થયો હતો.. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે પ્રધાનમંત્રીની સભાને કારણે રાહુલ ગાંધીનાં હેલિકોપ્ટરને મંજૂરી આપવામાં ન આવી.-

# MAHARASHTRA CAMPAIGNING

મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરે એક તબક્કામાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી પૂર્વે તમામ મુખ્ય રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ આજે જાહેરસભાઓ યોજી હતી. ઉમરખેડમાં એક રેલીમાં, ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર અને સુપ્રિયા સુળેના વિરોધ છતાં ભાજપ વકફ બોર્ડના કાયદામાં સુધારો કરવા મક્કમ છે..

ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ થાણેમાં એક જાહેર સભામાં જણાવ્યું હતું કે ભાજપે સંરક્ષણ ક્ષેત્રને સશક્ત બનાવ્યું છે, દેશની આંતરિક સુરક્ષામાં વધારો કર્યો છે અને આતંકવાદ સામે અસરકારક રીતે લડત આપી છે. કેન્દ્રીય મંત્રી, નીતિન ગડકરીએ અષ્ટીમાં એક રેલીને સંબોધતા કૉંગ્રેસ પર આરોપ લગાવ્યો કે ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા ઘડવામાં આવેલા બંધારણમાં ભાજપ ફેરફાર કરવા માંગતો હોવા અંગે ખોટો પ્રચાર કરી રહી છે. ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે સતારા, સાંગલી અને પુણેમાં પણ પ્રચાર કર્યો હતો.

બીજી તરફ સાંગલીમાં એક રેલીને સંબોધતા એનસીપીના વડા શરદ પવારે દાવો કર્યો હતો કે ભાજપ બંધારણમાં ફેરફાર કરવા માંગે છે અને સમાન વિચારધારાવાળા પક્ષો સાથે મળી તેનો વિરોધ કરશે. શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ છત્રપતિ સંભાજી નગરમાં પ્રચાર કરતાં NDA અને મહાયુતિ સરકાર પર પ્રહારો કર્યા હતા.

.........2......

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આવતીકાલે મુંબઈમાં ચાર જનસભાઓને સંબોધશે. તેઓ દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી ગુજરાત વ્યાપાર સમુદાય સાથે "ચાય પે ચર્ચા"માં સહભાગી થઈને મુંબઈમાં તેમના ચૂંટણી પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે. શ્રી પટેલ ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યો સાથે પણ સંવાદ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# PORBANDARDRUG SEIZURE

ભારતીય નૌકા દળે ગુજરાતનાં ત્રાસવાદ વિરોધી દળ-ATS અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો-NCBની મદદથી પોરબંદરનાં દરિયામાંથી 700 કિલો માદક પદાર્થોનો જપ્તો જપ્ત કર્યો છે, જેનું મૂલ્ય 3500 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. 'સાગર મંથન-4' નામનાં આ અભિયાનમાં આઠ ઇરાની ડ્રગ પેડલરની ધરપકડ કરવામાં આવી છે. તમામ ડ્રગ પેડલર અને માદક પદાર્શોને પોરબંદર લાવવામાં આવ્યાં છે. આરોપીઓના રીમાન્ડની માંગણી સાથે પોરબંદરની અદાલતમાં રજૂ કરવામાં આવશે. દિલ્હી એનસીબીની ટીમને પોરબંદરના દરિયામાં જહાજ મારફતે માદક પદાર્થો આવતા હોવાની મળેલી બાતમીને આધારે દિલ્હી એનસીબીની ટીમે નૌકા દળનો સંપર્ક કરીને ગઈ કાલે મોડી રાત્રે આ અભિયાન પાર પાડ્યું હતું. શંકાસ્પદ બોટની તલાશી દરમિયાન 700 કિલો ડ્રગ્સ મળી આવ્યં હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ ઘટનાને ઐતિહાસિક સફળતા ગણાવીને આ અભિયાનમાં જોડાયેલી એજન્સીઓને અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મિડીયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું કે, એનસીબી, ભારતીય નૌકા દળ અને ગુજરાત પોલિસનું આ સંયુક્ત અભિયાન નશા મુક્ત ભારતનાં સપનાને સાકાર કરવાની સરકારની પ્રતિબધ્ધતાનુ ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા 9 મહિનામાં પોરબંદરના દરિયામાંથી 3,600 કિલોથી વધુનાં કેફી પદાર્થોનો જથ્થો ઝડપાયો છે. અગાઉ, માર્ચ મહિનામાં ગુજરાત એટીએસની ટીમે પોરબંદર પાસે એક અભિયાન હાથ ધરીને છ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરીને તેમની પાસેથી 450 કરોડ રૂપિયાથી વધુનાં માદક પદાર્થો જપ્ત કર્યા હતા.

-

# PAKISTAN-SMOG

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં છેલ્લા એક મહિનામાં લગભગ 20 લાખ લોકોએ શ્વાસ સંબંધિત સમસ્યાઓ માટેની તબીબી સારવાર લીધી છે. સ્થાનિક આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે, ધુમ્મસને કારણે લોકો શ્વસન, અસ્થમા અને હૃદય સંબંધિત બીમારીઓથી પીડાઈ રહ્યા છે.

લાહોર અને મુલતાન વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરો છે.આરોગ્ય વિભાગના ડેટા દર્શાવે છે કે ઓક્ટોબરમાં પંજાબ પ્રાંતમાંથી 19 લાખ 34 હજાર કેસ નોંધાયા હતા, જેમાં 12 લાખ 62 હજાર કેસ એકલા લાહોરમાંથી હતા. ઓક્ટોબરમાં પંજાબ પ્રાંતમાં 5,000 થી વધુ દર્દીઓ સ્ટ્રોકનો શિકાર બન્યા હતા. લાહોરમાં સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક – AQI 1400થી ઉપર રહે છે, જ્યારે મુલતાનમાં તો તે બે હજારને વટાવી ગયો છે.

# SRILANKA ELECTION

શ્રીલંકાનાં શાસક નેશનલ પીપલ્સ પાવરે સંસદમાં બે તૃતીયાંશ બહુમતી મેળવી છે. ડાબેરી ગઠબંધને 225 સભ્યોનાં ગૃહમાં 159 બેઠકો મેળવી છે. સાજિથ પ્રેમદાસાનાં વડપણ હેઠળનાં મુખ્ય વિરોધપક્ષ સમાગી જાનાએ 40 બેઠકો અને ઇલાંકાઈ તામિલ અરાસુ કડચીએ આઠ બેઠકો મેળવી છે. ભૂતપુર્વ પ્રમુખ રાનિલ વિક્રમસિંઘે સાથે જોડાયેલા નવા લોકશાહી મોરચાને માત્ર પાંચ જ બેઠકો મળી છે.-

# INDIA COP 29

ભારતે ભારપૂર્વક જણાવ્યું કે જળવાયુ પરિવર્તનની અસરો વારંવાર આપત્તિઓના સ્વરૂપમાં વધુને વધુ સ્પષ્ટ થઈ રહી છે. અઝરબૈજાનના બાકુ ખાતે COP 29 સમિટમાં ભારતે ક્લાઇમેટ ફાઇનાન્સ પરની ઉચ્ચ સ્તરીય બેઠકમાં સમાન વિચારસરણી ધરાવતા દેશો વતી નિવેદન આપ્યુ હતું.

પર્યાવરણ મંત્રાલયના અધિક સચિવ, નરેશ પાલ ગંગવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે હવામાનની આત્યંતિક ઘટનાઓ એટલી વારંવાર અને વધુને વધુ મજબૂત હોય છે કે, ખાસ કરીને વિકાસશીલ દેશોનાં લોકો પર તેની મોટી અસર પડી રહી છે. તેમણે કહ્યું કે જળવાયુ પરિવર્તન અંગે ભારતે દરમિયાનગીરી કરી છે અને પુનરોચ્ચાર કર્યો છે કે વિકસિત દેશોએ એકત્ર થઈને 2030 સુધી દર વર્ષે ઓછામાં ઓછા 1.3 ટ્રિલિયન ડોલરનું ભંડોળ પૂરું પાડવા પ્રતિબધ્ધ થવાની જરૂર છે.

# INDIA-SA CRICKET T 20

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે જોહાનિસબર્ગના વાંડરર્સ સ્ટેડિયમમાં આજે ચોથી અને અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. મેચ ભારતીય સમય અનુસાર રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે. ભારત ચાર મેચની શ્રેણીમાં 2—1થી આગળ છે. પ્રથમ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 61 રનથી અને બીજી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ત્રણ વિકેટથી હરાવ્યું હતું. ત્રીજી મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 11 રનથી હરાવી શ્રેણીમાં 2—1થી આગળ છે.

# GURU NANAK JAYANTI

સમગ્ર દેશ અને દુનિયામાં આજે દેવદિવાળી અને ગુરુ નાનક જયંતીની આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આજે કારતક મહિનાની પૂનમના પાવન દિવસે તમામ દેવતાઓ દિવાળી ઉજવતા હોવાની માન્યતા છે.

ભગવાન શિવની નગરી કાશીનાં વિવિધ ઘાટ દિવાઓથી ઝગમગી ઉઠ્યા છે. હરિદ્વાર અને પ્રયાગરાજમાં પણ દેવ દિવાળી પ્રસંગે શ્રધ્ધાળુઓનો મહાસાગર ઉમટ્યો હતો. આજે શીખ સંપ્રદાયનાં પ્રથમ ગુરુ- ગુરુ નાનક દેવજીની 555મી જન્મજયંતિએ ગુરુદ્વારાઓમાં વિશેષ કિર્તન અને પૂજા અર્ચન કરવામાં આવ્યા હતા. તમામ ધર્મનાં લોકોએ પંજાબનાં અમૃતસરમાં શ્રી હરમિન્દર સાહિબ અને અન્ય ગુરુદ્વારામાં પ્રાર્થના કરી હતી.